**યુવક વિકાસ ટ્રસ્ટ**
નવજીવન પ્રેસ પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૧૪.
ટે. નં.: ૨૭૫૪૦૪૮૨

Reg. No. E 1663 - Reg. under B. P. Trust Act 1950.

**YUVAK VIKAS TRUST**
Nr. Navjivan Press,
Ahmedabad - 380 014.
T. No.: 27540482

**મયંક ઉપાધ્યાય**
ટ્રસ્ટી અને નિયામક
મો. : ૯૮૯૮૦૮૮૭૮૦

**Mayank Upadhyay**
Trustee & Director
M. : 9898088780

તારીખ: ૨૫-૧૦-૨૦૧૭

પ્રતિ

આચાર્યશ્રી

વિષય : નિબંધ હરિફાઈ ૨૦૧૭-૨૦૧૮

નમસ્કાર,

યુવક વિકાસ ટ્રસ્ટ ગુજરાતની જાણીતી યુવક સંસ્થા છે જેની સ્થાપના યુવકના ઘડતર અને સમાજ ઘડતરના સ્વપ્ન અને લક્ષ્ય સાથે ૧૯૬૮માં અમદાવાદમાં કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાં જુદાજુદા કાર્યક્રમો જેવા કે યુવાશિબિરો, નેતૃત્વ શિબિરો, વ્યાવસાયિક તાલીમ શિબિરો, પરિસંવાદો, વાર્તાલાપો, કૌશલ્ય કેળવણી વર્ગો, જાગૃતિ શિબિરો, નિબંધ સ્પર્ધાઓ, તાલીમ અને માર્ગદર્શન સહિતની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ સંસ્થાએ ૧.૫ લાખ કરતાં વધારે યુવક યુવતીઓને વિકાસની દિશા ચીંધી છે. છેલ્લાં ચાર વર્ષથી યુવક વિકાસ ટ્રસ્ટ ગુજરાત રાજ્ય સીમિત આંતર કૉલેજ નિબંધ હરિફાઈઓનું આયોજન કરે છે જેને આપ સૌ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

ભારત યુવાનોનો દેશ છે અને સૌથી મોટો લોકશાહી ધરાવતો દેશ છે. યુવાનો આપણા દેશ અને દુનિયાના પ્રશ્નો પર ગહન રીતે વિચારતા થાય અને એમની સમજશક્તિ વધે એ ઉદ્દેશ્યથી આ વર્ષે ટ્રસ્ટે નીચેના વિષયો ઉપર નિબંધ સ્પર્ધા આયોજિત કરી છે.

૧. પ્રકૃતિ સામે લાચાર માનવી -

**Nature beyond the control of human beings.**

૨. બીજા વિશ્વયુદ્ધ પછી આઝાદ થયેલા સાર્ક દેશોના વિકાસનો તુલનાત્મક અભ્યાસ

**A comparative study of post liberation development of SAARC countries that won freedom after world war II.**

3. વૈશ્વિક સંદર્ભે ભારતીય શિક્ષણ વ્યવસ્થા

**Indian education system in global context.**

નિબંધ હરિફાઈમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉપર સૂચિત વિષયોમાંથી કોઈપણ એક વિષય પર આશરે ૨૫૦૦ શબ્દોમાં નિબંધ લખી નિયામકશ્રી, યુવક વિકાસ ટ્રસ્ટ, નવજીવન પ્રેસ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. થી અથવા રૂબરૂ તારીખ ૩૧-૧૨-૨૦૧૭ સુધી મોકલી આપવાનો રહેશે.

To KCP
1-11-17

**Phone : +91-079-2754 0482**
E-mail - yuvakvikastrust@gmail.com

આ નિબંધોમાંથી વિષય નિષ્ણાતો દ્વારા ચકાસણી કરીને નીચે પ્રમાણે ત્રણ ઈનામો આપવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રથમ ઈનામ | રૂ. ૫,૦૦૦/૦૦ | (પાંચ હજાર પૂરા) |
| ૨. | બીજું ઈનામ | રૂ. ૩,૦૦૦/૦૦ | (ત્રણ હજાર પૂરા) |
| ૩. | ત્રીજું ઈનામ | રૂ. ૨,૦૦૦/૦૦ | (બે હજાર પૂરા) |

**<u>નિબંધ હરિફાઈના નિયમો આ સાથે સામેલ છે.</u>**

૧. ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં કોઈપણ વિદ્યાર્થી ભાઈ બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
૨. નિબંધ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણમાંથી કોઈપણ એક ભાષામાં લખી શકશે.
૩. એક સ્પર્ધક એક થી વધુ વિષય પર નિબંધ લખી શકશે નહિ.
૪. નિબંધ એ/૪ સાઈઝ પેપરમાં લખવો તેમજ પેપરની એક બાજુએ જ લખાણ લખવાનું રહેશે.
૫. માન્ય લઘુત્તમ ગુણવત્તાનો નિબંધ લખનાર દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે.
૬. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીએ દર્શાવેલ માહિતિપત્રક ભરવું આવશ્યક છે.
૭. નિબંધ તપાસતી વખતે જરૂરી તર્કબધ્ધતા, વિષયવસ્તુ, પ્રવાહ, ભાષા શૈલી, મૌલિકતા અને સંદર્ભો વગેરે પર યોગ્ય ભાર મૂકશે.
૮. ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ મટીરીયલ સીધું અને સીધું મૂકી દેનાર નિબંધને નકારાત્મક ગુણ અપાશે.
૯. મૂલ્યાંકન સમિતિ ત્રણ સભ્યોની રહેશે. જેમાં વિષયના નિષ્ણાતો અને શિક્ષણ વિદ્વાનોનો સમાવેશ થશે.
૧૦. સ્પર્ધા અંગેનો આખરી નિર્ણય કરવાનો અધિકાર સંસ્થાનો રહેશે.
૧૧. નિબંધ સ્વીકારવાની છેલ્લી તારીખઃ- **૩૧-૧૨-૨૦૧૭**

આજના સમયમાં યુવાનો સમાજને સ્પર્શતા મુદ્દાઓ પર વધુમાં વધુ ચિંતન કરતા થાય તેમજ પોતાની સમજપૂર્વકનો અભિપ્રાય બાંધતા થાય તે ખુબ જરૂરી છે. અમારી સંસ્થા આ ઉદ્દેશ્યથી જ આવી હરિફાઈઓ આયોજિત કરી રહી છે. આ સંદર્ભમાં સૂચિત નિબંધ હરિફાઈમાં આપની કોલેજના વધારે ને વધારે વિદ્યાર્થીઓ ભાગ લે તેવા પ્રયત્નો કરવા વિનંતી છે. આશા છે કે, આ કાર્યક્રમમાં આપનો પૂરો સાથ-સહકાર મળી રહેશે.

આભાર સહ,

મયંક ઉપાધ્યાય
નિયામક

# યુવક વિકાસ ટ્રસ્ટ-અમદાવાદ

## નિબંધ હરીફાઈ વર્ષ-2017-18

## માહિતી-પત્રક

| | |
|---|---|
| કોલેજનું નામ : | |
| કોલેજનું સરનામું : | |
| કોલેજનો ફોન નંબર :<br>ઈ-મેઈલ સરનામું : | |
| માર્ગદર્શક પ્રોફેસરનું નામ :<br>સંપર્ક નંબર : | |
| વિદ્યાર્થીનું નામ : | |
| વર્ગ : | |
| ઘરનું સરનામું :<br>મોબાઈલ નં :<br>વિદ્યાર્થીનું ઈ-મેઈલ સરનામું : | |
| નિબંધનો વિષય : | |
| નિબંધની ભાષા : | |
| **નોંધ : જે ભાષામાં નિબંધ લખ્યો હોય તે જ ભાષામાં માહિતી વિદ્યાર્થીએ આપવાની રહેશે** | |